**મહેરબાન સુરતમા ૧૦ મા એડીશ્નલ સીવીલ જજ અને જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, સુરતમાં.**

**ફોજદારી કેસ નં ૧૧૫૪૧–૨૦૨૫**
**આંકઃ**

ફરીયાદીઃ શ્રી સરકાર
વિરૂધ્ધ
આરોપીઃ મસતાબેન ભરતભાઇ પટેલ
ગુન્હોઃ બી.એન. એસ.કલમ–૨૨૩

**–ઃ ઠરાવ ઃ–**

૧. આ કામના આરોપી સામે ફરીયાદપક્ષનો કેસ એવો છે કે, આરોપીએ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તહોમતનામાની હકીકતે ગુન્હો કરેલ છે તેવી ફરીયાદ, ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા, આરોપી વિરૂધ્ધ બી.એન. એસ.કલમ–૨૨૩ મુજબનો ગુન્હો નોંધી તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આ કામે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

૨. આ કામે આરોપીએ તેની સામેનો ગુન્હો કબુલ કરવા માગેછે તેવી કબુલાત પુરસીસ આપતા આરોપીની પ્લી લેતાં આરોપીએ તેની સામેનો ગુન્હો કબુલ કરેલ અને જણાવેલ છે કે, તેનો આ પ્રથમ ગુનો છે અને ગરીબ માણસ છે અને મજુર કરી તેના કુટુંબનું ગુજરાન ચલાવે છે અને બાળ બચ્ચાવાળો હોવાનું જણાવે છે તથા સદર ગુના અંગે પારાવાર પસ્તાવો છે. હવેથી આવો ગુના નહી કરવાની તેઓ ખાતરી આપે છે. આરોપી સદર ગુનાના કામે પુરસીસ આપી ગુન્હો કબુલ કરેલ છે. આમ, આરોપી સામેનો ગુન્હો તથા ગુન્હાની સજા તથા તેની ગુનાની કબુલાત ધ્યાનમાં લેતાં નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુકમ ઃ–**

૧. આરોપીને બી.એન.એસ.એસ.કલમ–૨૭૫ મુજબ બી.એન. એસ.કલમ–૨૨૩ મુજબના ગુના માટે તકસીરવાર ઠરાવી પ્રત્યેક આરોપી દીઠ રૂા. ૫૦૦ /– ( અંકે પાંચ સો રૂપિયા પુરા) એમ કુલ રૂપિયા ૫૦૦ દંડ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો દિન ૧(એક) ની સાદી કેદની સજા કરવામાં આવે છે.

મુદ્દામાલઃ આ કામે કબજે કરેલ રોકડ રકમ સરકાર જમા કરવા.

હુકમ આજ તા. ૦૮ મી, માહેઃ માર્ચ સને ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં રાષ્ટ્રીય લોક અદાલતમાં વાંચી જાહેર કર્યો.

સ્થળઃ સુરત.
તા. ૦૮/ ૦૩/૨૦૨૫

**( એસ.એન.મોદી)**
૧૦ મા એડિશ્નલ સીવીલ જજ અને જયુડીશીયલ
મેજીસ્ટ્રેટ, ફસ્ટ કલાસ, સુરત
**GJ01682**

Cash Amt.Rec.of
Fine/Penalty for Rs..૫૦૦/-
(Rs..પાંચ સો પુરા..)
by Receipt No.............................
Dt.૦૮/૦૩/૨૦૨૫

Suprintendent